જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૭/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૪/૧૪**

**વટવા પોસ્ટે**

(૧) વટવા પોસ્ટે ફ.ગુ.ર.નં ૨૦૯/૨૦૧૪ ધી ઇ.પી.કો કલમ ૩૯૫,૫૦૬(૨),તથા જીપી એક્ટ ૧૩૫(૧) મુજબ ના કામે આરોપીઓ (૧). સફીઉલ્લા કાલુમિયા મલેક ઉવ-૩૭ રહે- બ્લોક નં-૬૪/૨૦૨૨ સદભાવનાનગર શહેરી ગરીબ આવાસ યોજના ના મકાનમાં વટવા અ'વાદ તથા (૨). ઇકબાલ સફીભાઇ મીર ઉવ-૩૩ રહે- ગોવીંદવાડી પટેલની ચાલી દાણીલીમડા ગામ અ'વાદ નાઓને તા.૨૦/૭/૨૦૧૪ ના કલાક ૧૫.૩૦ વાગે ઉપરોકત ગુનામાં સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.જે.ચૌધરી સાહેબ નાઓઓ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૨).વટવા પો.સ્ટે.જા.જોગ.એન્ટ્રી નં.૧૧૧/૨૦૧૪ તા.૧૯/૭/૧૪ ના કામે પોલીસ.સબ.ઇન્સ જે.બી.બુબડીયા.સા તથા સાથેના હે કોન્સ રોહીતસિહ નટવરસિહ બ.ન ૮૩૪૨ તથા હેડ.કોન્સ મણીલાલ સલુજી બં ન ૭૬૨૮ તથા અ.હેડ.કોન્સ સુર્યકાંત ભીખાભાઇ બ.ન ૮૧૯૪ તથા પો કો મુકુન્દસિહ વિક્રમસિહ તથા પો.કો પરાક્રમસિહ ભરતસિહ બ.ન ૧૬૬૦ તથા પો.કો સંતોષ દેવચંદભાઇ બનં ૮૬૩૧ તથા પો.કો અભીજીતસિહ કાકુભા બં.ન ૧૮૩૦ તથા પો.કો મનીષકુમાર ચંદુભાઇ બ.ન ૩૯૨૨ તથા પો.કો રાજીવસિહ મગનજી બં.ન ૮૯૭૮૯ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુના શોધવા અને બનતા અટકાવવા પેટ્રોલીગમાં નિકળેલા અને ફરતા ફરતા કલાક ૨૨/૪૫ વાગે પુનીતનગર ક્રોસીંગ પાસે આવતા સાથેના પો કો મુકુન્દસિહ વિક્રમસિહ નાઓએ બાતમી હકીક્ત આપેલ કે એક ઇસમ પોતાના કબજાની ઓટોરીક્ષા નંબર જીજે-૨- ટીટી-૭૭૮૫ માં કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવેલ એલ્યુમીનીયમના મશીનરીના દાગીના તેમજ ઇલેકટ્રીક કેબલો ભરી લઇ જી.આઇ.ડી.સી તરફથી આવી અત્રે થઇ કેડીલાબ્રીજ તરફ જનાર છે જે બાતમી હકીકતથી અમોને વાકેફ કરતા સદરી બાતમી હકીકતવાળી ઓટોરીક્ષાના ચાલક ની પુછપરછ કરવાની હોય આપ સાહેબે સુચના કરતા રસ્તે જતા બે પંચોના માણસો અમોએ બોલાવી હકીકત સમજાવી પંચમાં રહેવા કહેતા તેઓએ સ્વખુશી બતાવતાં પંચો તથા આપ સાહેબ તથા અમો સ્ટાફના માણસો સાથે

સદરી જગ્યાએ છુટા-છવાયા વોચ મા હાજર રહેલા અને થોડીવારે જી.આઇ.ડી.સી તરફથી એક ઓટોરીક્ષા આવતી જણાતા તેનો નંબર આપ સાહેબે નજીક આવવા દઇ ઇલેકટ્રીક લાઇટના અજવાળે વાંચતા બાતમી હકીકત મુજબનો હોય જેથી પંચોને બતાવી તરતજ નજીક આવવા દઇ સ્ટાફના માણસોએ કોર્ડન કરી રોકી લીધેલ અને રીક્ષાને સાઇડમાં કરાવી તેના ચાલકનુ આપ સાહેબે નામઠામ પુછતા પોતાનુ નામ પ્રકાશ મહેન્દ્રભાઇ મારવાડી ઉવ ૨૭ રહે  સરાણીયાવાસ રામદેવપીર ના મંદીર ની બાજુ મા નારોલ અમદાવાદ નાનુ હોવાનુ જણાવેલ જેના કબ્જાની ઓટોરીક્ષા નો નંબર જોતા જી જે ૨ ટી ટી ૭૭૮૫ નો હોય જેમા પેસેંજર સીટમાં અલગ અલગ મશીનરીના એલ્યુમીનીયમ જેવા દાગીના તેમજ ઇલેકટ્રીક વાયરના કેબલો ભરેલ હોય જે સામાન ભરેલ છે તેના બીલ લખાણ અગર ચિઠઠી હોય તો બતાવવા કહેતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ તેમજ તેની માલીકી અંગે પુછતા કોઇ સંતોષકારક જવાબ નહી આપી ગલ્લા તલ્લા કરે છે અને માલીકીના આધાર પુરાવાઓ રજુ કરેલ નહી જેથી તે કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટ થી મેળવી લાવેલાનુ જણાતા જે રીક્ષા માં પેસેંજર સીટમાં ભરેલ પાર્ટસ જોતા એલ્યુમીનિયમ જેવા મશીનરીના અલગ અલગ ભાગો જે કુલ્લે ૩૨ નંગ હોય તેમજ ઇલેકટ્રીક કેબલોના બે બંડલો જેમાં એક બંડલ ઉપર આર આર કેબલ લખેલ  હોય જે મળેલ મશીનરીના એલ્યુમિનીયમ જેવા દાગીનાઓ જે નવા જેવા હોય તેની કિરુ આશરે  ૮૫૦૦૦/  તથા ઇલેકટીક કેબલ બંડલ નંગ ૦૨  કિ રુ આશરે ૨૦૦૦૦/ ગણાય તેમજ ઓટોરીક્ષા નંબર જી જે ૨ ટી ટી ૭૭૮૫ ની જેનો એજીન નંબર 24MBUJ 06984 તથા CH NO MD2AA24 ZZUWK90249  જેવો વંચાય છે જેની કિરુ ૬૦૦૦૦/૦૦ ગણાય તે રીક્ષા ચાલક કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવેલાનુ જણાતુ હોય જેથી મળી આવેલ  મશીનરીના પાર્ટસ કેબલ ને ધી સી..આર.પી.સી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામા વિગતે કબજે કરેલ છે તેની અંગજતી તપાસ કરતા કંઇ ગુનાહીત મળેલ નહી અને સદરી ઇસને સી.આર. પી. સી.કલમ ૪૧(૧) (ડી) મુજબ તા ૧૯/૭/૧૪ ના ક્લાક ૨૩/૪૫ વાગે પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી જે.બી.બુબડીયા નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તપાસ દરમ્યાન વટવા જીઆઇડીસી પો.સ્ટે.ફ.ગુરનં.૯૬/૨૦૧૪ ઇપીકો કલમ ૪૪૭,૩૭૯ મુજબનો ગુનો ડીટેક કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.